Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૭૯ મું
અંક ૬-૭
તા. ૨૫ માર્ચ

ચૈત્ર–વૈશાખ

વીર સં. ૨૪૮૯
વિ. સં. ૨૦૧૯
ઇ. સ. ૧૯૬૩

यथा पि भमरों पुप्फं वण्णगंधं अहेठचं ।
पलेति रसादाअ एवं गामे मुनी चरे ॥

મહાભારતમાં જ્યાં દુર્યોધન અને વિદુર વચ્ચે વાતચીત ચાલે છે ત્યાં પણ આવી જ હકીકત છે.

यथा मधु समादत्ते रक्षन् पुष्पाणि षट्पदः ।
तद्वदर्थान् मनुष्येभ्यः आदद्यात् अविहिंसया ॥

આ બન્ને પદ્યોનો ભાવાર્થ આ છે:–જેમ ભમરો ફૂલોને બચાવતો–બચાવતો, સાચવી–સાચવીને તેમાંથી રસ–મધ લે છે, તે પ્રમાણે મનુષ્યો પાસેથી ધન, અહિંસાપૂર્વક મેળવવું જોઇએ.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૭૯ મું :: વાર્ષિક લવાજમ ૩-૨૫ પોસ્ટેજ સહિત

## अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તવન .... | (મુનિ નિત્યાનંદવિજય) | ૫૩ |
| ૨ | શ્રી વર્ધમાન મહાવીર : લેખાંક-૪૭ .... | (સ્વ. મૌક્તિક) | ૫૪ |
| ૩ | સિદ્ધ પરમાત્માઓની અવગાહના | (હીરાલાલ ર. કાપડિયા એમ. એ.) | ૫૭ |
| ૪ | જિન દર્શનની તૃષા | (ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા) | ૬૧ |
| ૫ | પરોપકાર .... .... | (ડૉ. વલભદાસ નેણસીભાઈ) | ટા. પે. ૩ જું |


**શહેર ભાવનગર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાસંઘ તથા જૈન સંસ્થાઓનાં ઉપક્રમે તા. ૧૪-૩-૬૩ ગુરૂવાર રાત્રીનાં ૮-૪૫ કલાકે જૈન મોટા દેરાસર ઉપાશ્રયમાં મળેલ શોક સભાનો**

**ઠરાવ**

શ્રી ભાવનગર જૈન શ્વે. મૂ. તપાસંઘના તથા બીજા અનેક જૈન સંસ્થાઓનાં પ્રમુખ અગ્રગણ્ય શેઠશ્રી ભોગીલાલભાઈ મગનલાલ શાહના ધર્મપત્ની શ્રીમતિ ચંચળબેન ભોગીલાલ શાહના સં. ૨૦૧૯ના ફાગણ વદી ૨ મંગળવારના રોજ સ્વર્ગગમન થયું છે તેની ભાવનગર જૈન શ્વે. મૂ. તપાસંઘ તથા અન્ય સંસ્થાઓના ઉપક્રમે મળેલી જૈન સમાજની આ સભા અત્યંત ખેદપૂર્વક નોંધ લે છે. સ્વર્ગસ્થ અત્યંત, શાંત, સુશીલ અને મિલનસાર અને ધર્મિષ્ઠ હતા. આ સભા સ્વર્ગસ્થના આત્માને ચિર-શાંતિ ઇચ્છે છે. અને શ્રી શાસનદેવને તેમના આત્માને પરમશાંતિ અર્પે તેમ પ્રાર્થના કરે છે. શેઠશ્રી ભોગીલાલભાઈ તથા તેમના કુટુંબીજનોને આવી પડેલ ભારે દુઃખમાં આ સભા પોતાની ઉંડી સમવેદના દર્શાવે છે.

**રજીસ્ટ્રેશન ઓફ ન્યુસપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ ના અન્વયે**

"શ્રી જૈન ધર્મ પ્રકાશ" માસિકના સંબંધમાં નીચેની વિગતો પ્રકટ કરવામાં આવે છે.

૧. પ્રસિદ્ધિસ્થળ : શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, કાંટાવાળો ડેલો-ભાવનગર.

૨ પ્રસિદ્ધિક્રમ : દર અંગ્રેજી મહિનાની પચીસમી તારીખે.

૩. મુદ્રકનું નામ : સાધના મુદ્રણાલય, ઠેકાણું દાણાપીઠ પાછળ, ભાવનગર
કયા દેશના-ભારતીય.

૪. પ્રકાશકનું નામ : દીપચંદ જીવણલાલ શાહ, ઠેકાણું-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, કયા દેશના-ભારતીય.

૫. તંત્રીનું નામ : ઉપર પ્રમાણે.

૬. માસિકના માલિકનું નામ : શ્રી જૈન ધર્મ પ્રસારક સભા કાંટાવાળો ડેલો, ભાવનગર.

હું દીપચંદ જીવણલાલ શાહ, આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

તા ૫-૨-૬૩ દીપચંદ જીવણલાલ શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી જૈન ધર્મ પ્રકાશ

| પુસ્તક ૭૯ મું અંક ૬-૭ | ચૈત્ર–વૈશાખ | વીર સં. ૨૪૮૯ વિક્રમ સં. ૨૦૧૯ |
|---|---|---|


## શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તવન

શંખેશ્વર સ્વામી સેવક નયણે નિહાળ (૨)

અશ્વસેન વામાદેવીના નંદન, ભક્તિ ભેટણું લાવ્યો;
આશ કરીને આવ્યો દ્વારે, હર્ષ ધરી મન ભાવ્યો. શંખે૦ ૧

કરૂણાકર તું અંતર્યામિ, ભક્તવત્સલ ભગવંત;
નિરૂપાધિક ગુણ વશ કર્યા સ્વામી, દેવી પ્રભાવતી કંત. શંખે૦ ૨

મહાગોપ ને મહાનિર્યામિક, મહામાહણ તું કહાય;
એવા અનંતા ગુણ છે તારે, મુખ એક કેમ વહાય. શંખે૦ ૩

અશ્વ ખેલાવતાં કમઠ પાસે, દયા ધર્મ બતાવ્યો;
કાષ્ટ ચીરાવી નાગ ઉગાર્યો, ધરણેન્દ્ર બનાવ્યો. શંખે૦ ૪

મેઘમાળીએ મેઘ વરસાવી, ઉપસર્ગ કીધો ભારી;
ધરણેન્દ્રે આવી મેઘ નીવાર્યો, કમઠ–ધરણ સમધારી. શંખે૦ ૫

જાદવની જરા પલમેં નીવારી, હરિને આનંદકારી;
શંખ પૂર્યાથી શંખેશ્વર ધામ, મહિમા મંગળકારી. શંખે૦ ૬

ગામોગામથી સૌ મળી આવે, સહુ કોના દૂરિત નિવારે;
આપો પ્રભુજી પ્રેમ-જંબૂને, નિત્યાનંદ પદ સારે. શંખે૦ ૭

મુનિ નિત્યાનંદવિજય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

લેખાંક : ૪૮

"સંસાર પરિવર્તનમાં પ્રાણી જાય છે, આવે છે, રખડે છે, કૂટાય છે અને ઉપર નીચે જઈ આવ્યા કરે છે. એને ઇંદ્રિયના વિષયો તરફ એટલો બધો પ્રેમ ચાલુ રહ્યા કરે છે કે એને જીવનમાં ખાવા–પીવાનું પહેરવા–ઓઢવાનું અને મોજ કરવાનું જ ખૂબ ગમે છે. જીવનમાં એ સિવાય કોઈ ઉદ્દેશ એને જણાતો નથી. એ સંસારમાં રહી સંસારમય થઈ જાય છે અને વિષયો ભોગવવામાં એ એટલો ઊંડો ઊતરી જાય છે કે એને એ સિવાય બીજું કાંઈ સૂઝતું નથી અને એ વખતે એને કોઈ ત્યાગ કે સંયમની વાત સૂચવે તે. એને મશ્કરી જેવું લાગે છે. એને આ આંટાફેરા અને રખડપાટામાં કંટાળો પણ આવતો નથી અને એ ચારે ગતિમાં રગદોળાયા કરે છે, એક ખાડામાંથી બીજા ખાડામાં પડે છે અને હેતુ કે ઉદ્દેશ વગરનું, સાધ્ય કે આદર્શ વગરનું જીવન જીવી કાળનો સપાટો આવતાં ઘસડાઈ તણાઈ અફળાયા કરે છે. એને કદી આત્મવિચારણા થતી નથી, એને આ જીવનના હેતુ શા છે કે એને ક્યાં જવું છે તેનો ખ્યાલ આવતો નથી, એને આ બધાં ચક્રભ્રમણ પાછળ કયા હેતુઓ કામ કરે છે તેનો વિચાર પણ આવતો નથી.

"એવા પ્રકારના રખડપાટામાં એને મહામુસ્કેલીએ મનુષ્યદેહ મળી જાય તો તેને પણ રગડા કુટારામાં પૂરો કરી નાખે છે, પોતાના માનેલા વ્યવહારની માથાકૂટમાં કાળ ગુમાવી નાખે છે અને કોઈ કોઈ જાતનાં નવાં આરંભ–સમારંભો કે તોફાનો કરીને અથવા તદ્દન આળસુ જીવન ગાળી આવ્યો હોય તેવો ચાલ્યો જાય છે અને કોઈ કોઈ વાર તો પોતાનો વિકાસક્રમ બગાડી વધારે ખરાબ થાય છે અને ભવાટવીમાં વધારે ભ્રમણ કરવા યોગ્ય ચક્કરે ચઢી જાય છે. એના દીલમાં સંસારનો ભય કદી પ્રવેશતો નથી, એને અહીં તહીં આશય કે ધડા વગરના આંટા મારવાનો થાક લાગતો નથી કે એ આખા ગૂંચવણના પ્રશ્નો વિચારતો કે અવધારતો નથી. મનુષ્યભવ એળે જવા દેનાર પ્રાણીની અલ્પતા કે મૂઢતા પર તો જેટલો ખેદ કરીએ તેટલો ઓછો ગણાય, પણ ચારે તરફ નજર કરતાં એવા પ્રકારના પ્રાણીઓની બહોળતા મોટે ભાગે નજર પર આવશે.

"સંસારમાં હોય ત્યારે ઘણાખરા પ્રાણીઓ આત્મા શી વસ્તુ છે તેનો વિચાર સરખો પણ કરતા નથી, આત્માનો અને કર્મનો સંબંધ ક્યારથી અને શા કારણે થયો અને આ બો પુદ્ગળવિલાસ પરભાવ છે એનો એને ખ્યાલ પણ આવતો નથી, અને કલ્પિત અભિમાનમાં, માની લીધેલી મોટાઈમાં અથવા ન સમજી શકાય તેવા આળસમાં કે બેદરકારીમાં જીવન ગુજારે છે. એને આત્મા અને પુદ્ગળ વચ્ચેનો સંબંધ એટલો બધો એક થઈ ગયેલો લાગે છે અને વિષયો અને વસ્તુઓમાં એની એવી ગાઢતા થઈ જાય છે કે એની કલ્પનામાં એ સિવાય બીજી વાત બેસતી કે જામતી નથી અને આ રીતે ગતાનુગતિકના અનુસારે એ ભવાટવીના રખડપાટાને માર્ગે લાગેલો જ રહે છે. નથી એનામાં ભાવના આવતી કે નથી એનામાં આદર્શની કલ્પના આવતી. એ તો વેંટાની માફક લારે લારે ચાલ્યો જાય છે. પાછળથી ધક્કો આવે એટલે એની ગાડી આગળ વધે છે, પણ એને ક્યાં જાઉં છું, શા માટે જવું છે, કોણ લઈ જાય છે એનો ખ્યાલ જ આવતો નથી. એને કસાઈવાડે જવાનું થાય તો ત્યાં પણ જાય છે અને જંગલમાં ચારો કરવા જવું હોય તો ત્યાં પણ જાય છે. આવા ઢંગધડા ઉદ્દેશ કે હેતુ વગરના જીવનની આખરે એ પાછો નવા રખડપાટામાં પડે છે અને આવી જાતની દોડાદોડી કે તગડાતગડી ચાલ્યા જ કરે છે.

"આખા સંસાર નાટકને સમજવાનો પ્રયત્ન ન કરનાર પ્રાણી આ રીતે સંસારના ચાક ઉપર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચડી જાય છે અને ફેરફુદડી ફર્યા કરે છે. એ પોતાનું શું છે? પોતે કોણ છે? આ દેહનો અને ગેહનો સંબંધ કેટલો અને શા માટેનો છે? એ સમજતો નથી અને માત્ર મોહની અસર તળે ઘસડાયા કરે છે. એ ધન–સંપત્તિ છોકરાં સ્ત્રી સગાંસંબંધીના વ્યામોહમાં પડી જાય છે અને ઘરને ઘરનાંઘર માને છે, એક હાથ જમીન માટે ઝાટકે આવે છે અને મોહ–મમતા અને મદમાં ચકચૂર થઇ દારૂ પીધેલની માફક વર્તે છે. ખરી રીતે પોતાના વર્તન ઉપર કે પોતાના ગમનાગમન પરનો એનો કાબૂ ઊઠી જાય છે, છતાં દારૂના ઘેનમાફક મોહની અસર તળે એ પોતાને પ્રવીણ માને છે, પોતાના વ્યવહારને કર્તવ્ય માને છે, પોતાનાં મંતવ્યને પ્રમાણિત ગણે છે અને સંસારમોહમાં ચકચૂર થઇ ગાંડાની માફક અસ્તવ્યસ્ત થઇ ખોટી દોડાદોડ કરી મૂકે છે.

"આવા ઘેલા થઇ પડેલા વિષયાસક્ત સંસારમાં કોઈ કોઈ પ્રાણી વિચારવાન પણ નીકળી આવે છે. એને આ સર્વ તોફાનો ધમાલો વ્યવસાયો અને ગોટાળાનો ઉકેલ શોધવાનું મન થાય છે અને એ જ્યારે આખા સંસાર વિસ્તારનો વિચાર કરે છે ત્યારે એને ભારે આંચકો આવે છે અને એ સર્વ વ્યામોહની પાછળ કામ કરતા પરભાવને પીછાને છે અને આખા જીવનને સુધારી પોતાની આખી દિશા બદલી નાખે છે. એવા જીવનને પૃથક્કરણ કરી સમજનાર સ્વપરનો ખ્યાલ કરનારા પ્રાણી અલ્પ સંખ્યામાં હોય છે, પણ હોય છે જરૂર, અને એનાં મનોરાજ્ય પણ અનેરા પ્રકારનાં હોય છે. એવા પ્રાણી આખા જીવનની પાછળ કામ કરતાં આંતરતત્ત્વોને ઓળખે છે, મોહ રાજાના આખા પરિવારને જાણી લે છે અને વિષય કષાયનો પરિચય અભ્યાસક રીતે કરી એનાથી દૂર રહેવા પ્રયત્ન કરે છે અને એ રીતે જીવનને સફળ કરે છે."

અત્ર ગુરુ મહારાજ જરા વિરમ્યા, એટલે નંદન રાજાએ સવાલ કર્યો કે "મહારાજ! આપે મોહનો મહિમા આટલો બધો બતાવ્યો, તો તેના પર વિજય મેળવનાર કેવા હોય તે પણ જરા વિગતવાર જણાવવા કૃપા કરો."

ગુરુ મહારાજનો વાણી પ્રવાહ તો ચાલુ જ હતો, પણ નંદન રાજાના પ્રશ્ને એમના મનમાં વધારે પ્રેરણા મળી. તેમણે ઉપદેશ ધારા આગળ ચલાવી. "મોહ રાજા પોતાનું રાજ્ય વિષય અને કષાય દ્વારા ચલાવે છે. રાગ દ્વેષ એના પુત્રો છે. રાગના પુત્રો ઇન્દ્રિયના વિષયો છે. રાગના ઉપર સામ્રાજ્ય મેળવવું વધારે આકરૂં પડે છે, પણ કોઈ કોઈ વાર દ્વેષ પણ ભારે વિઘાતક નીકળી પડે છે. બાકી ક્રોધ માન માયા લોભ તેમ જ હાસ્ય રતિ ભય અને વિષયપ્રીતિ પ્રાણીને સંસાર તરફ ખેંચે છે. આ હકીકત સમજી જનાર રાગ દ્વેષ પર વિજય મેળવવા સારૂં ત્યાગ ધર્મ આદરે છે, એ રાગ દ્વેષનાં કારણો કુટુંબ પરિવાર ઘરબાર વેપાર ધંધા અને સગપણ સંબંધને એના સાચા સ્વરૂપે સમજી જાય છે અને એનાથી દૂર થવાના કામમાં લાગી જાય છે. સાધુ જનોનાં ત્યાગની પાછળ આવા જ ઇતિહાસો અને આવી જ વિચારણા બહુધા હોય છે.

"એમાં એક વાત ખાસ વિચારવા લાયક છે અને તે એ છે કે કેટલીક વાર મોટાં શેઠીઆ કે વેપારી જેટલી સહેલાઇથી સંસારને ફગાવી શકે છે તેટલી સરળતાથી સાધારણ માણસ સંસારનો મોહ છોડી નથી શકતો. કેટલીક વાર ચક્રવર્તીને રાજ્ય છોડી દીક્ષા લેતાં જોશો અને તેનો ત્યાગ એવો આદર્શ જાણશો કે એ છોડી દીધા પછી રાજમહેલ કે સમૃદ્ધિ કે દાસદાસી પત્નીઓ કે સંતતિ તરફ નજર પણ નહિ કરે, જ્યારે એક ભિખારી પોતાની પાસે ભીખ માંગવાનું ઠીકરૂં હોય કે એક નાનો ખેડૂત પોતાની પાસે બે વાધા જમીન હોય તેને છોડતાં આંચકો ખાય છે, છોડીને દુર્ધ્યાનમાં પડી જાય છે અને છોડતાં છોડતાં ગોટા વાળે છે. અંતે જ્યારે કાળકાકાનો સપાટો વાગે ત્યારે તો બધું અહીં મૂકીને ચાલ્યા જવું પડે છે, પણ પોતાના સ્વાધીન પણામાં વિચારણાપૂર્વક નાનો સરખો ત્યાગ કરતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ પ્રાણી ભારે આંચકા ખાય છે, ભારે વેદના અનુભવે છે અને ઘણી વાર ત્યાગ કરવા છતાં પાછો વિષયોને ભેટી પડે છે અને અંતરના વિકારને વશ થઈ જાય છે. ત્યાગ કરવામાં આંતર વિચારણા અને દૃઢ નિર્ણય ખૂબ કામ કરે છે. પૂર્વકાળમાં **નરસિંહ** રાજા થઈ ગયા અને તેનો પુત્ર **નરવિક્રમ** થયો. તેમણે પોતાની અનર્ગળ લક્ષ્મી, મોટા રાજ-વૈભવ અને ભારે ઐશ્વર્યનો આદર્શ ત્યાગ કર્યો અને ત્યાગ કર્યા પછી તેની સામે નજર પણ ન નાખી તેવા પણ દાખલાઓ છે. ચક્રવર્તી અને તીર્થંકરો પોતાનો વૈભવ છોડી ભિક્ષુકપણું એવા ધોરણને લક્ષને જ સ્વીકારે છે, ત્યારે ત્યાગના વિચારથી થરથરનારા અને ત્યાગની કલ્પનાથી ડરનારા અને ત્યાગના નિર્ણય પછી પાછા મોહમાં પડી જનારા નંદિષેણ જેવાના પણ દાખલા છે. ત્યાગ એ મહાન ચીજ છે, ખૂબ વિચારણા માગે છે અને સ્વીકાર કર્યા પછી ચીવટ અને નિશ્ચય બળને અપેક્ષે છે.

"અને ત્યાગમાં પણ અંતરનાં તેજ ચીવટ અને ખૂબ વિચારણાની જરૂર પડે છે. કેટલીક વાર બાહ્ય ત્યાગ હોય, પણ અંદરથી વિષય કષાય મનોવિકાર કે દુર્ધ્યાન પર કાબૂ આવેલ હોતો નથી. આ બાહ્ય ત્યાગ મહાન સર્વસ્વ ત્યાગનું કારણ હોવાથી કાઢી નાખવા જેવો નથી, પણ હું તમારી પાસે જે ત્યાગની વાત કરી રહ્યો છું તે બાહ્ય વસ્તુના ત્યાગ ઉપરાંત અંતરના ત્યાગની વાત છે અને મુખ્યતા મનોવિકાર પરના ત્યાગને જ છે. જ્યાં સુધી ઈંદ્રિયોના વિષયો જોર કરતા હોય, જ્યાં સુધી માનાપમાનની પરિણતિ કે લોભ વૃત્તિ પર વિજય ન મળ્યો હોય, જ્યાં સુધી અંદરથી નિર્ભયતા કેળવી ન હોય અને જ્યાં સુધી ક્રોધ, દંભ, ઇર્ષા, અસુયા, શોક કે કંટાળાને સ્થાન હોય ત્યાં સુધી સાચો ત્યાગ જામ્યો નથી એમ સમજવું. અને એવો ત્યાગ કરવામાં આવે ત્યારે અંદરથી જે આનંદ થાય છે તેનો મહિમા અપરંપાર છે, એની શાંતિ અનુપમેય છે, એની ભવ્યતા મહાન અને ભારી છે.

"આ જીવનનો લાભ મેળવવો હોય તો એની સુખ સગવડની વાંછામાં ગૂંચવાઈ ન જતાં એ આખા સંસારને પરભાવ રમણતા જે ગણે. જે એમાં રાચવામાં પોતાનો અધઃપાત સમજે અને જે એનાથી ઉપરવટ જઈ આત્માને ઓળખે, પોતાનું ખરું અને સ્થાયી શું છે તે જાણે, સ્વ અને સ્વીયને ઓળખી તેને પકડી લે અને બાકીનો સર્વ બાહ્ય ભાવ છે, પરભાવ છે, રખડપાટ કરાવનાર ઝાંઝવાનાં નીર છે એમ સમજી એનાથી દૂર થઈ જાય એ પોતાનું જીવન સફળ કરે છે, સાધ્યને માર્ગે આવી જાય છે અને અંતે આ સર્વ રખડપાટાથી પર થઈ અનંત આનંદમાં રમણ કરે છે."

અત્ર મહારાજા નંદને સવાલ કર્યો "મહારાજ ! આપે ઉપદેશ દરમ્યાન નરસિંહ રાજા અને નરવિક્રમનાં નામો આપ્યાં તેમની હકીકત કૃપા કરીને જણાવો. એનો રાજવૈભવ કેવો હતો, એમણે ભોગો ભોગવીને ત્યાગ કેવી રીતે કર્યો, ત્યાગ કર્યા પછી કેવી રીતે તેને ભજવ્યો અને આપે જેને તેમનો આદર્શ ત્યાગ કહ્યો તે કેવા પ્રકારનો હતો તે હકીકત વિગતવાર જણાવવા કૃપા કરો."

વિચક્ષણ ગુરુ મહારાજ આચાર્યવર્ય પોટ્ટિલાચાર્યે રાજા નંદનની યોગ્યતા જાણી તેની પાસે નરસિંહ રાજા અને તેના પુત્ર નરવિક્રમનું ચરિત્ર વિગતવાર કહેવાનું શરૂ કર્યું. આચાર્ય મહારાજને થયું કે નંદન રાજાની પરિણતિ કૂણી થઈ છે અને અત્યારે તેની પાછળ પ્રયત્ન કરવામાં આવશે તો કદાચ તે રાધાવેધ સાધી શકશે, એના જીવનની સફળતા કરી લેશે અને પોતાની સાધ્ય સન્મુખતાની યોગ્યતા સિદ્ધ કરી બતાવશે એટલે એણે નરસિંહ અને નર વિક્રમની આખી હકીકત ચરિત્રના રૂપમાં રજૂ કરી. ( ચાલુ )

**સ્વ. મોતીચંદ ગીરધરલાલ કાપડિયા (મૌક્તિક)**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સિદ્ધ પરમાત્માઓની અવગાહના

લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એમ.

જૈન દર્શન પ્રમાણે જીવોના-સચેતન પદાર્થોના બે પ્રકાર છે: (૧) સંસારી અને (૨) સિદ્ધ. તેમાં સંસારી જીવને શરીર હોય છે, જ્યારે સિદ્ધ થએલા જીવોને-પરમાત્માઓને શરીર હોતું નથી. જૈન મંતવ્ય મુજબ સિદ્ધ પરમાત્માઓ જ નહિ, પણ સંસારી જીવો સુદ્ધાં અખંડ દ્રવ્યરૂપ છે. કોઈપણ જીવના ભાગ કલ્પના સિવાય પડે તેમ નથી. એક એક જીવનો નાનામાં નાનો ભાગ તે 'પ્રદેશ' છે. દરેક જીવને અસંખ્ય પ્રદેશો હોય છે અને એ પ્રદેશોની સંખ્યા લોકાકાશના પ્રદેશોની સંખ્યાની બરાબર છે. એ આત્મ-પ્રદેશોનો પ્રદીપની જેમ સંકોચ અને વિકાસ નિમિત્ત મળે તો થાય છે. આમ જીવરૂપ દ્રવ્ય એના સ્વભાવને જ લઈને સંકોચ અને વિકાસને પામે છે.

જૈન દર્શન પ્રમાણે જે જીવ મોક્ષે લોકના અગ્ર ભાગે ઊર્ધ્વ ગતિએ જવાની અણી ઉપર છે-જે જોતજોતામાં સિદ્ધ થનાર છે. તે દરેક જીવની અવગાહના એકસરખી નથી. એની ઊંચાઈ ત્રીજે ભાગે ઓછી થયા બાદ જ એ સિદ્ધ બને છે. આ કાર્ય અને શા માટે કરવું જોઈએ એનો ઉત્તર કોઈ ગ્રંથમાં અપાયો હોય એમ જાણવામાં નથી.

કેવળજ્ઞાની કેવલિ-સમુદ્ઘાત કરે ત્યારે એ સમગ્ર લોકાકાશને વ્યાપીને રહે છે. બાકી અન્ય સંસારી જીવો તો આકાશની-જેમ લોકાકાશની પેઠે વ્યાપક નથી. વળી નાનામાં નાના સંસારી જીવનું આધાર-ક્ષેત્ર અંગુલના અસંખ્યેય ભાગ જેવડું છે, કેમકે કાર્મણ શરીરથી આવૃત થયેલા એ જીવનું કાર્મણ શરીરનું પરિમાણ એથી ઓછું હોઈ શકે તેમ નથી. આમ કોઈપણ જીવ પરમાણું જેટલો નાનો નથી.

ચરમશરીરી જીવની અવગાહનાનો વિચાર આગમિક તેમ જ અનાગમિક એમ ઉભય પ્રકારના ગ્રંથોમાં કરાયો છે. દિગંબરોનો મોટો ભાગ શ્રમણ ભગવાન મહાવીરસ્વામીના મુખ્ય શિષ્યોએ રચેલી દ્વાદશાંગી તો શું પણ ઉત્તરકાલીન બહુશ્રુત મુનિવરોની આગમિક રચના પણ જળવાઈ રહી નથી એમ માને છે.

શ્વેતાંબરોને માન્ય આગમો જોતાં તો એમાં સિદ્ધ પરમાત્માની અવગાહના વિષે ઉત્તરજ્ઝયણ સિવાયના કોઈ ઉપલબ્ધ આગમમાં ઉલ્લેખ હોય એમ જણાતું નથી. આથી હું આ આગમના છત્રીસમા અજ્ઝયણ(અધ્યયન)માંની નિમ્નલિખિત ગાથાઓ નોંધુ છું:—

"उक्कोसोगाहणाए य जहन्नमज्झिमाइ य ।
उड्ढं अहे य तिरियं च समुद्दम्मि
जलम्मि य ॥४०॥"[१]

"उक्कोसोगाहणाए य सिज्झन्ति जुगवं दुवे ।
चत्तारि जहन्नाए मज्झे अट्ठुत्तरं सयं ॥५३॥"
"उस्सेहो जेसि जो होइ भवम्मि चरिमम्मि य ।
तिभागहीणो तत्तो य सिद्धाणोगाहणा भवे ॥६४॥"

કહેવાની મતલબ એ છે કે સિદ્ધની અવગાહના ઉત્કૃષ્ટ, જઘન્ય અને મધ્યમ એમ ત્રણ પ્રકારની છે. ઉત્કૃષ્ટ અવગાહનાવાળી બે વ્યક્તિઓ એકી સાથે સિદ્ધ બને. એવી રીતે જઘન્ય અવગાહનાવાળી ચાર વ્યક્તિઓ અને મધ્યમ અવગાહનાવાળી એકસોને આઠ એકી સાથે સિદ્ધ બને છે. અંતિમ ભવમાં જેમની જેટલી ઊંચાઈ હોઈ તેના ત્રીજા ભાગે ઓછી ઊંચાઈ એ જીવોની સિદ્ધ થતાં થાય છે. આમ સિદ્ધની અવગાહના છે.

ઉત્તરજ્ઝયણ ઉપર નિજ્જુત્તિ રચાઈ છે અને એ મળે પણ છે, પરંતુ પ્રસ્તુત ગાથાના સ્પષ્ટીકરણરૂપે એમાં કશો ઉલ્લેખ નથી. ઉત્તરજ્ઝયણની ઉપર ગોવાલિય મહત્તરના શિષ્યે(? જિનદાસગણિએ)

[૧] આનો ઉત્તરાર્ધ અત્ર પ્રસ્તુત નથી એટલે એનો ભાવાર્થ મેં દર્શાવ્યો નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચુણ્ણિ રચી છે. એ પણ આ દિશામાં કંઈ પ્રકાશ પાડતી નથી. ઉત્તરજ્ઝયણ અને એની નિજ્જુત્તિના વિવરણરૂપે 'વાદિવેતાલ' શાન્તિસૂરિએ **પાઇયટીકા** રચી છે. એ **શિષ્યહિતા** નામની ટીકા (પત્ર ૬૮૩ અ)માં ઉત્કૃષ્ટ અવગાહના ૫૦૦ ધનુષ્યની અને જઘન્ય અવગાહના બે હાથની કહી છે, જ્યારે મધ્યમ અવગાહનાઓ એ બેની વચ્ચે છે.

(પત્ર ૬૮૩ અ)માં મધ્યમ અવગાહનાને 'યવમધ્ય' કહી છે.

(પત્ર ૬૮૩ અ)માં કહ્યું છે કે અવગાહના એટલે પોતાના પ્રદેશોનો નિચય, કેમકે 'નિશ્ચય' નય પ્રમાણે સર્વ પદાર્થ સ્વનિષ્ઠ છે અર્થાત્ પોતામાં રહેલો છે. અહીં (ઉત્તરજ્ઝયણમાં) જે સિદ્ધોની અવગાહના ત્રીજે ભાગે હીન કહી છે તે શરીરના વિવરને પૂરવાને લઈને છે. આના સમર્થનાર્થે અવતરણ અપાયું છે.

આ ઉપરાંત **પાઇયટીકા**માં કોઈ વિશેષતા જણાતી નથી. આથી આપણે હવે અન્ય કૃતિઓ વિચારીશું.

**આવસ્સય**ની નિજ્જુત્તિની નિમ્નલિખિત ૯૬૯ થી ૯૭૪ સુધીની છ ગાથાઓ અવગાહનાની વિચારણાને અંગે પ્રસ્તુત હોઈ એ હું રજૂ કરું છું —

"जं सण्ठाणं तु इहं भवं चयन्तस्स चरमसमयम्मि ।
आसी अ पएसघणं तं सण्ठाणं तहिं तस्स ॥९६९॥
दीहं वा हस्सं वा जं चरमभवे हविज्ज सण्ठाणं ।
तत्तो तिभागहीणा सिद्धाणोगाहणा भणिआ ॥९७०॥
तिन्नि सया तित्तीसा धणुत्तिभागो अ होइ बोद्धव्वो ।
एसा खलु सिद्धाणं उक्कोसोगाहणा भणिआ ॥९७१॥
चत्तारि अ रयणीओ रयणितिभागूणिआ य बोद्धव्वा ।
एसा खलु सिद्धाणं मज्झिमओगाहणा भणिआ ॥९७२॥
एगा य होइ रयणी [1]अट्ठेव य अङ्गुलाइ साहीआ ।
एसा खलु सिद्धाणं जहन्नओगाहणा भणिआ ॥९७३॥
ओगाहणाइ सिद्धा भवत्तिभागेण हुन्ति परिहीणा ।
सण्ठाणमणित्थन्थं जरामरणविप्पमुक्काणं ॥९७४॥"

કહેવાનું તાત્પર્ય એ છે કે અહીં એટલે કે મનુષ્યભવમાં સંસાર કે મનુષ્યભવનો ત્યાગ કરનારનું છેલ્લા સમયમાં આત્માના પ્રદેશોથી ઘન એવું જે સંસ્થાન હોય તે જ સંસ્થાન ત્યાં (લોકના અગ્ર ભાગમાં) તેનું અર્થાત્ સિદ્ધનું હોય આ સંબંધમાં હરિભદ્રસૂરિએ એમની ટીકા (પત્ર ૪૪૩ આ)માં એ કારણ દર્શાવ્યું છે કે ત્રીજા ભાગ વડે રન્ધ્ર યાને છિદ્ર પોલાણ પુરવામાં આવે છે

દીર્ઘ અર્થાત્ '૫૦૦ ધનુષ્યનું કે હ્રસ્વ એટલે [1]બે હાથનું કે મધ્યમ યાને વિચિત્ર એવું જે સંસ્થાન છેલ્લા ભવમાં હોય તેનાથી ત્રીજે ભાગે ઓછી અવગાહના સિદ્ધોની હોય. અહીં પણ હરિભદ્રસૂરિએ ઉપર્યુક્ત કારણ દર્શાવ્યું છે. વિશેષમાં "अवगाहन्तेऽस्यामित्यवगाहना—स्वावस्था" એમ કહ્યું છે. સિદ્ધોની ઉત્કૃષ્ટ અવગાહના ૩૩૩⅓ ધનુષ્યની કહેલી છે.

સિદ્ધોની મધ્યમ અવગાહના ચાર રત્નિમાં એક તૃતીયાંશ રત્નિ જેટલી ઓછી એટલે કે ૩⅔ રત્નિ જેવડી કહેલી છે.

સિદ્ધોની જઘન્ય અવગાહના એક રત્નિ ઉપરાંત આઠ આંગળની કહેલી છે. અવગાહના દ્વારા સિદ્ધ થયેલા જીવો ભગવત શરીરના ત્રીજે ભાગે હીન હોય છે. ઘડપણ અને મરણથી વિમુક્ત એવા સિદ્ધોનું સંસ્થાન 'અનિત્થંસ્થ' હોય છે.

હરિભદ્રસૂરિએ ગા. ૯૭૧–૯૭૩ એ ત્રણેને 'નિગદ–સિદ્ધ' અર્થાત્ કથન કરવાથી સમજાઈ જાય તેવી કહી ભાષ્યકારે (જિનભદ્રગણિ) ક્ષમાશ્રમણે જે આક્ષેપ અને પરિહાર કર્યા છે તેને લગતી પાંચ ગાથાઓ નીચે પ્રમાણે ઉદ્ધૃત કરી છે:—

"किह मरुदेवीमाणं ? नाभीओ जेण किञ्चिदूणा सा ।
तो किर पञ्चसयं चिय अहवा सङ्कायओ सिद्धा ॥१॥

---

१ 'साहीया अङ्गुलाइ अट्ठ भवे" એવો પાઠ ઓવવાઇય (પૃ. ૭૭)માં છે.

૧. જુઓ **આવસ્સય** અને એની નિજ્જુત્તિની હરિભદ્રસૂરિકૃત ટીકા (પત્ર ૪૪૪ અ).

૨. એજન (પત્ર ૪૪૪ અ).

For Private And Personal Use Only

सत्तूसिएसु सिद्धो जहन्नओ किहमिहं विहत्थेसु ? ।
मा किर तित्थकरेसुं सेसाणं सिज्झमाणाणं ॥२॥
ते पुण होज्ज विहत्था कुम्मापुत्तादओ जहन्नेणं ।
अन्ने संवट्टियसत्तहत्थसिद्धस्स हीणन्ति ॥३॥
बाहुल्लतो य सुत्तम्मि सत्त पञ्च य जहन्नमुक्कोसं ।
इहरा हीणब्भहियं होज्जङ्गुलधणुपुहुत्तेहिं ॥४॥
अच्छेरयाइ किञ्चि वि सामन्नसुए ण देसियं सव्वं ।
होज्ज व अणिबद्धं च्चिय पञ्चसयादेसवयणं व ॥५॥

આ **વિસેસાવસ્સયભાસ**ની ૩૧૬૭મીથી ૩૧૭૧મી સુધીની ગાથાઓ છે. આનો ભાવાર્થ એ છે કે **મરુદેવી**નું પરિમાણ અર્થાત્ એમની અવગાહના કેવી રીતે સંગત ગણાય? આના બે ઉત્તર છેઃ

(૧) સામાન્ય રીતે કુલકર અને એની પત્નીના દેહની ઊંચાઈ સરખી હોય છે ખરી, પરંતુ **નાભિ** કુલકર કરતાં એમનાં પત્ની **મરુદેવી** કંઈક ઊણાં હતાં એટલે પાંચસો જ ધનુષ્ય જેટલી એમની અવગાહના ગણાય.

(૨) **મરુદેવી** હાથી ઉપર સિદ્ધ થયા ત્યારે એમનો દેહ સંકોચાયેલો હતો.

સિદ્ધાન્તમાં જઘન્યથી સાત હાથ જેટલી ઊંચાઈવાળા જીવને મોક્ષ કહ્યો છે તો અહીં બે હાથ જેટલી ઊંચાઈવાળાને કેમ કહ્યો? આ પ્રશ્નના ઉત્તર નીચે મુજબ અપાયા છેઃ—

(૧) એ જઘન્ય માપ તીર્થંકરોને આશ્રીને છે, પરંતુ જે શેષ સામાન્ય કેવલીઓ મોક્ષ પામતા હોય તેઓ–કૂર્માપુત્ર વગેરે જઘન્યથી બે હાથ જેટલા ઊંચા છે.

(૨) બીજાઓ કહે છે કે સાત હાથવાળા સિદ્ધ થનારા જે જીવનો દેહ યંત્ર દ્વારા પીલણ ઇત્યાદિવડે સંવર્તિત બન્યો હોય તેમની અવગાહના જઘન્ય છે–બે હાથની છે.

(૩) સૂત્રમાં જઘન્ય અવગાહના સાત હાથની અને ઉત્કૃષ્ટ અવગાહના પાંચસો ધનુષ્યની કહી છે તે બહુલતાને આશ્રીને છે–ઘણા જનોને ઉદ્દેશીને છે. બાકી જઘન્ય અવગાહના એથી નવ આંગળ ઓછી અને ઉત્કૃષ્ટ અવગાહના એથી નવ ધનુષ્ય અધિક હોય છે. સામાન્ય શ્રુતમાં આશ્ચર્યાદિક બધું કહેલું હોતું નથી. સૂત્રમાં અનિબદ્ધ પણ હોય છે. જેમકે *પાંચસો આદેશોને લગતા કથન હરિભદ્રસૂરિએ ઉપર્યુક્ત ૯૭૪મી ગાથાને લગતી ટીકા( પત્ર ૪૪૫ અ )માં એને પણ 'નિગદસિદ્ધ' કહી 'અનિત્થંસ્થ' વિષે નીચે પ્રમાણે નીચે મુજબ સ્પષ્ટીકરણ કર્યું છે.

"इदंप्रकारमापन्नामित्थम्, इत्थं तिष्ठनीति इत्थंस्थम्, न इत्थस्थं अनित्थंस्थमिति केनचित् प्रकारेण लौकिकेनास्थितमित्यर्थः ।"

કહેવાની મતલબ એ છે કે આ પ્રકારને પામેલ તે 'ઈત્થં'; ઈત્થં રહે તે ઈત્થંસ્થ; ઇત્થંસ્થ નહિ તે અનિત્થંસ્થ. આનો અર્થ એ છે કે કોઈ પણ લૌકિક પ્રકારે નહિ રહેલ.

**આવસ્સય**ની નિજ્જુત્તિને અંગે ચુણ્ણિ(ચૂર્ણિ) રચાયેલી છે. એના કર્તા **જિનદાસગણિ** મહત્તર હોવાનું સૂચવાય છે. આ ચુણ્ણિમાંનો પ્રસ્તુત પાઠ ભા. ૧, પત્ર ૫૮૩માં નીચે મુજબ છપાયો છે—

"दीहं वा हस्सं वा० ।९–८४॥९७०) जे किर णिण्णा अब्भिन्तरपविट्ठायपदेसा पदेसा पविहा (? स) ति, तेणं अङ्गस्स वा उवङ्गस्स वा ते सण्ठाणविसेसा आसी ते सव्वे विभागरहिता होन्ति, सणणिचयपदेसओ णिगुणेणं ।

तिण्णि सत्ता तेत्तीसा० ॥९–८५॥९७१॥ मरुदेवीमादीण ।

* **આવસ્સય**ની ૧૦૨૩મી ગાથામાં ૫૦૦ આદેશ એવો બાંધેભારે ઉલ્લેખ છે અને **મરુદેવી** અત્યંત સ્થાવર સિદ્ધ થયાં એમ એક આદેશનો સ્પષ્ટ નિર્દેશ છે, આને અંગેની હારિભદ્રીય ટીકા( પત્ર ૪૬૫ અ–૪૬૫ આ )માં ચાર આદેશ દર્શાવાયા છે. કોઈ ગ્રંથમાં પાંચસો આદેશ ગણાવાયા છે ખરા?

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



चत्तारि य रयणीओ० ॥९–८६॥९७२॥
सत्तरतणियाण ।

एगा य होति रयणीए ॥९–८७॥९७३॥
वामणकुम्मगसुयमादीयाण ।

ओगाहणाए सिद्धा भवत्तिभागेण०
॥ ९–८६ ॥ ९७४ ॥ "

મલયગિરિસૂરિએ આવસ્સય અને એની નિજ્જુત્તિના સ્પષ્ટીકરણરૂપે વૃત્તિ રચી છે. એ માટે ઉપર્યુક્ત ચુણ્ણિ અને હારિભદ્રીય ટીકાનો ઉપયોગ કર્યો છે. આથી પ્રસ્તુત ગા. ૯૬૯–૯૬૪ ના સ્પષ્ટીકરણમાં જે વિશેષતા જણાય છે તે જ હું અહીં નોંધું છું.

૯૭૦ મી ગાથામાં એમણે પોતાના વક્તવ્યના સમર્થનાર્થે **વિસેસાવસ્સયભાસ**ની નિમ્નલિખિત ૩૧૬૩ મીથી ૩૧૬૫મી સુધીની ત્રણ ગાથા ઉદ્ધૃત કરી છેઃ–

" देहतिभागोसुसिरं तप्पूरणतो तिभागहीणो उ ।
सो जोगनिरोहे च्चिय जाओ सिद्धो वि तदवत्थो ॥
( ३१६३ ॥)

संहारसम्भवाओ पएसमित्तम्मि किं न सण्ठाइ ? ।
सामत्थाभावातो सकम्मयातो सभावातो ॥
( ३१६४ ॥)

सिद्धो वि देहरहितो मपयत्ताभावतो न संहरइ ।
अपयत्तास्स किह गई ? ननु भणियमसङ्गयादीहिं ॥
( ३१६५ ॥)"

આ ગાથાનો અધિતાર્થ એ છે કે શરીરમાં એના ત્રીજા ભાગ જેટલું પોલાણ છે. એ પોલાણ ચરમશરીરી આત્મા પોતાના પ્રદેશો વડે પૂરતો હોવાથી એની અવગાહના ત્રીજા ભાગ જેટલી ઓછી થાય છે. આ ઓછી અવગાહના યોગના નિરોધની વેળાએ જ થાય છે એટલે સિદ્ધની પણ અવગાહના એટલી જ રહે છે. જીવ પોતાના પ્રદેશોનું સંહરણ કરીને અર્થાત્ એને સંકોચીને આકાશના એક જ પ્રદેશમાં કેમ રહેતો નથી એવો કોઈ પ્રશ્ન કરે તો તેના ત્રણ ઉત્તર છે.

(૧) એ પ્રકારના સામર્થ્યનો એમાં અભાવ છે.

(૨) યોગનો નિરોધ કરતી વેળા એ કર્મથી યુક્ત છે.

(૩) જીવનો એવો જ સ્વભાવ છે દેહ વિનાનો સિદ્ધ પણ સ્વ પ્રયત્નના અભાવને લઈને આત્મ પ્રદેશો સંકોચતો નથી. પ્રયત્ન રહિત હોય તેને ગતિ કેમ થાય એમ કોઈ પ્રશ્ન ઊઠાવે તો એનાં કારણ તરીકે અસંગત્વાદિનો ઉલ્લેખ પહેલાં કરાયો છે.

૯૭૨મી ગાથામાં એ બાબતનો નિર્દેશ છે કે આ સૂત્ર જઘન્ય અને અજઘન્યના નિષેધને ઉદ્દેશીને છે, નહિ કે મધ્યમ અવગાહનાનું આ જ પરિમાણ છે, કેમ કે બે હાથથી ઉપર અને ૫૦૦ ધનુષ્ય કરતાં ઓછું એમ મધ્યમ અવગાહના છે.

૯૭૩ મી ગાથાના સ્પષ્ટીકરણમાં કહ્યું છે કે મોક્ષે જનારની અવગાહના બે હાથની તેમ જ ૫૨૫ ધનુષ્યની પણ માનવી ઘટે.

૯૭૪ મી ગાથાના સ્પષ્ટીકરણમાં 'અનિત્થંસ્થ' સંસ્થાન સમજાવતાં કહ્યું છે કે યોગનો નિરોધ કરતી વેળા દેહના ત્રીજા ભાગ જેટલી પોલાણને પુરવામાં આવતી હોવાથી અને પહેલાના સંસ્થાનની અન્ય રીતે વ્યવસ્થા થતી હોવાથી સંસ્થાનનો આકાર અનિયત હોય છે અને એ અનિયત આકારને જ લઈને એ સંસ્થાન 'અનિત્થંસ્થ' કહેવાય છે, નહિ કે એનો સર્વથા અભાવ છે. સિદ્ધાદિના ગુણોને અંગે એ સિદ્ધ દીર્ઘ નથી, હ્રસ્વ નથી ઈત્યાદિ વચન વડે દીર્ઘ, હ્રસ્વ વગેરેનો જે પ્રતિષેધ છે તે પણ 'અનિત્થંસ્થ' સંસ્થાનને લઈને જ જાણવો, નહિ કે તેનો-આકારનો સર્વથા અભાવ છે. આના સમર્થનાર્થે **વિસેસાવસ્સયભાસ**ની નિમ્નલિખિત ૩૧૭૨મી અને ૩૧૭૩મી એમ બે ગાથા ઉદ્ધૃત કરાઈ છેઃ–

"सुसिरपडिपूरणातो पुव्वागारं तहाऽणवत्थारो ।
सण्ठाणमणित्थन्त्थं जं भणियं अणिययागारं ॥
(३१७२ ॥)

एत्तो च्चिय पडिसेहो सिद्धाइगुणेसु दीहयाईणं ।
जमणित्थन्त्थं पुव्वागारावेक्खाए नाभावो ॥
(३१७३॥)"

For Private And Personal Use Only

# જિન દર્શનની તૃષા

લેખક : ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા એમ. બી. બી, એસ.

આમ હેતુવાદથી અને આગમવાદથી પણ દેવદુર્લભ જિનદર્શનની દુર્લભતાનું પરિભાવન કરી, પરમ આત્મપુરુષાર્થી પુરુષસિંહ **આનંદઘનજી** દુર્લભતમ કેવલ દર્શનની પરમ દુર્લભતા ચિંતવતાં તેની પ્રાપ્તિ અર્થેના પોતાના અપૂર્વ આત્મપુરુષાર્થનો દૃઢ વિનિશ્ચય ડિંડિમ નાદથી ઉદ્દ્યોષે છે—

ઘાતિ ડુંગર આડા અતિ ઘણા,
તુજ દરિશણ જગનાથ!
ધીઠાઈ કરી મારગ સંચરૂં,
સેંગૂં કોઈ ન સાથ....
અભિનંદન જિન દરિશણ તરસિયે. ૪.

**અર્થ** :—હે જગનાથ! ત્હારા દર્શનની આડા અતિ ઘણા ઘાતી ડુંગરા પડ્યા છે; (છતાં) તેની પ્રાપ્તિને અર્થે હું ધીઠાઈ–ધૃષ્ટતા કરી માર્ગે સંચરૂં છું, પણ કોઇ 'સેંગૂંનો'–સહગામીનો સાથ–સથવારો નથી, અથવા તો સાથે કોઇ 'સેંગૂં'–સહગામી સહચર નથી.

## વિવેચન

"ગમે તેમ હો, ગમે તેટલાં દુઃખ વેઠો, ગમે તેટલા પરિસહ સહન કરો, ગમે તેટલા ઉપસર્ગ સહન કરો, ગમે તેટલી વ્યાધિઓ સહન કરો, ગમે તેટલી ઉપાધિઓ આવી પડો, ગમે તેટલી આધિઓ આવી પડો, ગમે તો જીવનકાળ એક સમય માત્ર હો, અને દુર્નિમિત્ત હો, પણ એમ કરવું જ ત્યાં સુધી હે જીવ છૂટકો નથી." **—શ્રીમદ્ રાજચંદ્રજી**

---

કહેવાની મતલબ એ છે કે સિદ્ધોનું સંસ્થાન 'અનિત્થંસ્થ' હોવાનું જે કહ્યું છે તે પૂર્વ આકારની અપેક્ષાએ છે; બાકી આકારનો સર્વથા અભાવ નથી.

**ઓવવાઇય** એ પણ એક આગમ છે–એ એક ઉવંગ(ઉપાંગ) છે. એ ઉવંગ ઇ. સ.ની પાંચમી સદી જેટલું તો પ્રાચીન છે જ. એના લગભગ અંતિમ ભાગમાં એ સ્થળે સિદ્ધ પરમાત્માઓની અવગાહના-નો-ઊંચાઇનો વિચાર કરાયો છે. પ્રથમ સ્થળની પ્રસ્તુત પંક્તિ નીચે મુજબ છે:—

"जिवा णं भन्ते ! सिज्झमाणा कयरम्मि उच्चत्ते सिज्झन्ति ? गोयमा ! जहण्णेणं सत्तरयणीए, उक्कोसेणं पञ्चधणुसइए सिज्झन्ति ।" સુત્ત [1]૧૫૮, પૃ. [2]૯૪.

કહેવાનું તાત્પર્ય એ છે કે સિદ્ધ થતા જીવોની જઘન્ય ઊંચાઇ સાત રત્નિની છે, જ્યારે ઉત્કૃષ્ટ ઊંચાઈ પાંચસો ધનુષ્યની છે.

બીજે સ્થળે અવગાહનાને અંગે છ પદ્યો છે. એ પૈકી પાંચમા સિવાયના પાંચ પદ્યો તો **આવસ્સય**-ની નિજ્જુત્તિમાંનાં ૯૬૯ માથી ૯૭૨ મા અને ૯૭૪ મા પદ્ય સાથે સર્વાંશે મળતાં આવે છે. વિશેષમાં પાંચમું પદ્ય આ નિજ્જુત્તિના ૯૭૩ માં પદ્યથી બીજા ચરણ પૂરતું અને તે પણ શાબ્દિક દૃષ્ટિએ જ ભિન્ન છે.

**ઓવવાઇય** ઉપર કોઇ નિજ્જુત્તિ, ભાસ કે ચુણ્ણિ નથી.[3]

---

૧–૨ આ બંને ક્રમાંક પ્રા. એન. જી. સુરુ દ્વારા સંપાદિત આવૃત્તિના છે. એ આવૃત્તિ "આર્હતમતપ્રભાકર" ના સાતમા મયૂખ તરીકે ઈ. સ. ૧૯૩૧ માં પ્રકાશિત કરાઈ છે.

૩. અભયદેવસૂરિએ વૃત્તિ રચી છે અને એ છપાવાઈ છે.



Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## 'તુજ દર્શનની' પરમાત્મદર્શનની પરમ દુર્લભતા

હવે હે અભિનંદન જિન! હે જગનાથ! ત્હારા કેવલદર્શનનો જો વિચાર કરૂં છું, તો તે તો પરમ દુર્લભતમ જણાય છે; કારણ કે તે દર્શનની આડે-વચમાં 'અતિ ઘણા'-ઘણા ઘણા અથવા 'અતિ ઘના'-અત્યંત ઘન-નક્કર (Solid) ઘાતી ડુંગરા આડા પડ્યા છે, વચ્ચે વિઘ્નભૂત થઇને ઊભા છે. છતાં હું તો તેની પરવાહ કર્યા વિના 'ધીઠાઇ કરી'-ધૃષ્ટતા કરી-સાહસ કરી તેની પ્રાપ્તિના માર્ગે 'સંચરૂં' છું-સમ્યક્પ્રકારે વિચરૂં છું, પણ ખેદની વાર્તા છે કે સાથે કોઈ 'સેંગૂં'-સહગામી-સહચર નથી, કોઈ 'સેંગૂનો'-સહગામીનો તે જ દર્શન-માર્ગના સહપ્રવાસીનો સથવારો નથી. એટલે આવા દુર્ગમ દર્શનમાર્ગનો હું એકલડોકલ (Solitary, Lonely) પ્રવાસી ધૃષ્ટતા કરીને માર્ગે સંચરી રહ્યો છું; જેમ કોઇ પુરુષાર્થી પુરુષ પોતાના જંઘા-બલે જ વિકટ માર્ગ કાપે, તેમ મ્હારા પોતાના જ આત્મબલ પર મુસ્તાક રહી હું આવા અતિ અતિ વિકટ પંથે આગળ ધપવાનો આત્મપુરુષાર્થ આદરી રહ્યો છું. અને હે ભગવન્! ત્હારા કેવલદર્શનની મ્હારી તૃષ્ણા તો ક્ષણે ક્ષણે પ્રવર્દ્ધમાન છે જ, તેમાં આવા માર્ગપરિશ્રમથી અને દર્શનવિરહથી તો તે તૃષ્ણા સમયે સમયે ઓર અનંતગુણ વિશિષ્ટપણે વધતી જ જાય છે, એટલે અમે તો પોકારીએ છીએ કે-'અભિનંદન જિન દરિશન તરસીયે.'

## 'ઘાતિ ડુંગર આડા અતિ ઘણા'

હે ભગવન્! ત્હારા દેવદુર્લભ દર્શનની દુર્લભતા 'દર્શન' શબ્દના વિવિધ અર્થમાં ત્હારી સન્મુખ મેં પૂર્વે યતકિંચિત્ ભાવિત કરી, પરંતુ એ સર્વ દેવદુર્લભ દર્શનપ્રકારોનું પરમ ને અંતિમ સાધ્ય તો 'તુજ દર્શન'-ત્હારૂં આત્મ સાક્ષાત્કારરૂપ કેવલદર્શન જ છે, સાક્ષાત્ પરમાત્મદર્શન જ છે, કે જેની જ અમે નિરંતર ઝંખના કરીએ છીએ, જેની જ અમારા આત્માને અત્યંત તૃષા લાગી છે. અને તે પરમ દેવદુર્લભ કેવલદર્શનની પ્રાપ્તિ તો પરમ દુર્લભતમ જ છે, કારણ કે તેની આડા મોટા મોટા 'ઘાતી' ડુંગરા પડ્યા છે. જેમ કોઈ દર્શનીય સ્થાનના દર્શનની-સાક્ષાત્કરણની પરમ ઇચ્છા હોય, પણ વચ્ચે વિઘ્નભૂત-અંતરાયરૂપ 'અતિ ઘણા'-ઘણા ઘણા 'અતિઘન'-નક્કર ખડકમય ડુંગરા આડા પડ્યા હોય, તો તે સ્થાનનું દર્શન કેટલું વિકટ-કેટલું દુર્લભ થઈ પડે? તેમ પરમ દર્શનીય એવા ત્હારા પરમ પદના-કેવલજ્ઞાન-કેવલદર્શનરૂપ પરમાત્મસ્વરૂપના સાક્ષાત્ દર્શનની-આત્મ સાક્ષાત્-કરણની મ્હારી પરમ તૃષા છે; પણ વચ્ચે વિઘ્નભૂત-આડા અંતરાયરૂપ 'અતિ ઘણા'-ઘણા ઘણા 'અતિઘન'-અતિ ઘન-નક્કર ખડક જેવા ઘાતી ડુંગરા પડ્યા છે, એટલે ત્હારા પરમ પદનું-કેવલજ્ઞાન કેવલદર્શનરૂપ પરમાત્મસ્વરૂપનું દર્શન કેટલું વિકટ કેટલું દુર્લભ છે? એ સ્વયં સમજાય છે.

## આત્મસ્વભાવ ગુણઘાતક ચાર 'ઘાતિ' કર્મ:

આ 'ઘાતી ડુંગરા' ખરેખર! ઘાતિ ડુંગરા જ છે -યથાનામા તથાગુણાઃ જ છે. હે જગન્નાથ! આપે ઉપદેશ્યું છે તેમ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહ-નીય અને અંતરાય એ ચાર 'ઘાતિકર્મ' કહેવાય છે, તે આત્માના મૂળ કેવલજ્ઞાન દર્શનસ્વભાવભૂત ગુણની ઘાત કરે છે, માટે 'ઘાતિ'-ઘાત કરનારા છે. જ્ઞાના-વરણીય કર્મ આત્માના જ્ઞાનસ્વભાવગુણને આવૃત કરી તેની ઘાત કરે છે. દર્શનાવરણીય કર્મ આત્માના કેવલ દર્શનગુણને આવરી તેની ઘાત કરે છે; મોહ-નીય કર્મ કેવલ જ્ઞાન દર્શન સ્વભાવ આત્માના પરમ નિશ્ચયરૂપ સમ્યક્ત્વગુણને તથા કેવલજ્ઞાનદર્શન સ્વભાવમાં સ્થિતિરૂપ ચારિત્ર ગુણને હણે છે, ઘાત કરે છે; અંતરાયકર્મ કેવલજ્ઞાન દર્શનસ્વભાવ અનંત-વીર્ય આત્માના અનંતવીર્યને હણે છે, ઘાત કરે છે; આમ આત્માના સ્વભાવભૂત મૂળ ગુણની ઘાત કરતા હોવાથી આ ચારેય કર્મોને આપના આગમમાં 'ઘાતિકર્મ' એવી યથાર્થ સંજ્ઞા આપવામાં આવી છે.

For Private And Personal Use Only

## જ્ઞાનાવરણ, દર્શનાવરણ ને અંતરાય :

જો કે આ કેવલજ્ઞાન દર્શનસ્વભાવી ×આત્મચંદ્ર, ચંદ્રની જેમ, ભાવશુદ્ધ પ્રકૃતિથી સ્થિત છે ( કાંઈ નવીન સ્થાપિત કરવાનો નથી ), અને તે કેવલજ્ઞાન-દર્શન ચંદ્રિકા વિસ્તારે છે, તથાપિ મેઘપટલની જેમ તદાવરણ-કેવલજ્ઞાન-દર્શનાવરણ આ આત્મચંદ્રનું કેવલજ્ઞાન-દર્શન થવા દેતું નથી, તેમ જ અંતરાય પણ તેની અનંત દાનાદિ લબ્ધિના આવિર્ભૂત થવામાં અંતરાય-વિઘ્ન કરે છે. આ આત્મા શુદ્ધ સહજ આત્મસ્વરૂપનું *દાન આત્માને કરે તેમાં દાનાંતરાય અંતરાય કરે છે, આત્મા અણચિંતવ્યો સહજ આત્મસ્વરૂપ લાભ નિરંતર પામ્યા કરે તેમાં લાભાંતરાય અંતરાય કરે છે, આત્મા શુદ્ધ સહજાત્મસ્વરૂપ સંપત્તિનો અયત્ને ભોગ કર્યા કરે તેમાં ભોગાંતરાય અંતરાય કરે છે, આત્મા શુદ્ધ સહજ સ્વગુણનો નિરંતર ઉપભોગ કર્યા કરે તેમાં ઉપભોગાંતરાય અંતરાય કરે છે, અને આત્માની સહજ આત્મસ્વરૂપ રમણને વિષે અપ્રયાસપણે સહજ અનંત આત્મશક્તિ સ્ફુર્યા કરે તેમાં વીર્યાંતરાય અંતરાય કરે છે;—એમ પંચવિધ 'અંતરાય' નામનું ઘાતિકર્મ અનંતવીર્ય આત્માના સહજ શુદ્ધ કેવલજ્ઞાન દર્શનસ્વભાવના આવિર્ભાવમાં અંતરાયભૂત-વિઘ્નભૂત થાય છે.

## મોહનીયકર્મનો રાજા :

અને આત્મગુણઘાતક આ ચાર *ઘાતિકર્મની ચંડાળ ચોકડીના અગ્રેસર મોહનીયકર્મના આત્મગુણઘાતીપણા બાબતમાં તો પૂછવું જ શું ? આ ચાર ઘાતિકર્મમાં પણ મોહનીય કર્મ સર્વથી વધારે બળવાન્ છે, તે કર્મનો રાજા કહેવાય છે; કારણ કે જ્ઞાનાવરણીયાદિ બીજાં કર્મો જ્યારે આત્માના તે તે ગુણોને આવરણ માત્ર કરે છે, ત્યારે આ મોહનીય કર્મ તો આત્માના તે તે ગુણને વિપરીત સ્વાદવાળો બનાવી દે છે. **દર્શનમોહનીય** આત્માના સમ્યગ્ નિશ્ચય-શ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વગુણને વિપરીત-મિથ્યા શ્રદ્ધાનરૂપ મિથ્યાત્વમાં ફેરવી નાંખે છે; અને **ચારિત્રમોહનીય** આત્માના સ્વભાવસ્થિતિરૂપ ગુણને વિભાવસ્થિતિપણામાં પલટાવી નાંખે છે. આમ આત્માના

---

× " स्थितः शीतांशुवज्जीवः प्रकृत्या भावशुद्धया ।
चंद्रिकावच्च विज्ञानं तदावरणमभ्रवत् ॥ "

પરમર્ષિ હરિભદ્રાચાર્યજી પ્રણીત **શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય**, શ્લોક ૧૮૩

* " અક્ષય દાન અચિંતનો, લાભ અયત્ને ભોગ...
હો જિનજી !
વીર્યશક્તિ અપ્રયાસતા, શુદ્ધ સ્વગુણ ઉપભોગ...
હો શ્રી સુપાર્શ્વ•

**શ્રી દેવચંદ્રજી**

* આ ચાર ઘાતિકર્મ અંગે પરમ તત્ત્વતલસ્પર્શી સૂક્ષ્મ મીમાંસા કરતાં **પરમતત્ત્વદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજી** પ્રકાશે છે કે—

"કર્મની મૂળ પ્રકૃતિ આઠ, તેમાં ચાર ઘાતિની અને ચાર અઘાતિની કહેવાય છે. ચાર ઘાતિનીનો ધર્મ આત્માના ગુણનો ઘાત કરવાનો અર્થાત્ (૧) તે ગુણને આવરણ કરવાનો, અથવા (૨) તે ગુણનું બળ-વીર્ય રોધવાનો, અથવા (૩) તેને વિકળ કરવાનો છે. અને તે માટે ઘાતિની એવી સંજ્ઞા તે પ્રકૃતિને આપી છે.–આત્માના ગુણ જ્ઞાન, દર્શન તેને આવરણ કરે તેને અનુક્રમે (૧) જ્ઞાનાવરણીય અને (૨) દર્શનાવરણીય એવું નામ આપ્યું. અંતરાય પ્રકૃતિ એ ગુણને આવરતી નથી, પણ તેના ભોગ ઉપભોગ આદિને, તેનાં વીર્ય-બળને રોકે છે. આ ઠેકાણે આત્મા ભોગાદિને સમજે છે, જાણે છે દેખે છે એટલે આવરણ નથી; પણ સમજતાં છતાં ભોગાદિમાં વિઘ્ન-અંતરાય કરે છે, માટે તેને આવરણ નહિં પણ અંતરાય પ્રકૃતિ કહી. આમ ત્રણ આત્મઘાતિની પ્રકૃતિ થઇ. ચોથી ઘાતિની પ્રકૃતિ મોહનીય છે. આ પ્રકૃતિ આવરતી નથી, પણ આત્માને મૂર્છિત કરી, મોહિત કરી વિકળ કરે છે; જ્ઞાન, દર્શન છતાં, અંતરાય નહિં છતાં પણ આત્માને વખતે વિકળ કરે છે, ઊંધા પાટા બંધાવે છે, મુંઝવે છે, માટે એને મોહનીય કહી. આમ આ ચારે સર્વ ઘાતિની પ્રકૃતિ કહી. બીજી ચાર પ્રકૃતિ જો કે આત્માના પ્રદેશ સાથે જોડાયેલી છે તથા તેનું કામ કર્યાં કરે છે અને ઉદય અનુસાર વેદાય છે, તથાપિ તે આત્માના ગુણની આવરણ કરવારૂપે કે અંતરાય કરવારૂપે કે તેને વિકળ કરવારૂપે ઘાતક નથી માટે તેને અઘાતિની કહી છે."

—**શ્રીમદ્ રાજચંદ્ર**, પત્રાંક ૭૯૩

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમ અમૃતમય ગુણને વિષમય વિકૃત સ્થિતિમાં પલટાવી નાંખવાનું મહાદુષ્ટ અધમ કૃત્ય (Villain's action) મોહનીય કર્મ કરે છે. બીજાં કર્મ તો માત્ર આવરણ કે અંતરાય કરીને અટકે છે, ત્યારે આ મહાનુભાવ (!) મોહનીયકર્મ તો પોતાનું દોઢડહાપણ વાપરી ઉલટો બગાડો કરી મૂકે છે! એટલે જ એ આત્માનો ભયંકરમાં ભયંકર ને મોટામાં મોટો દુશ્મન ( Ring-leader ) છે. તે નાયકના જોર પર જ બીજાં કર્મોનું બળ નભે છે, તેનું જોર ક્ષીણ થતાં અન્ય કર્મોનું બળ પણ ક્ષીણ થાય છે. આમ અન્ય કર્મોનો આશ્રયદાતા-'અન્નદાતા' હોવાથી નેક નામદાર મોહનીયને× કર્મોનો 'રાજા' કહ્યો છે તે યથાર્થ છે.

**ધર્મસંન્યાસ-વાયુથી ઘાતિકર્મ-મેઘનો વિલય:**

આમ મોહનીય જેનો અગ્રણી છે એવા આ ઘાતિકર્મરૂપ ઘનઘાતી ડુંગરા ત્હારા દર્શન આડે ભલે પડ્યા છે, તોપણ હું તે ડુંગરાઓથી લેશ પણ ડરતો નથી ને તેની પરવાહ કરતો નથી. કારણ કે 'જગત્‌ને'-અધિકારી ભવ્યલોકને પ્રાપ્તનું ક્ષેમ અને અપ્રાપ્તનો યોગ કરાવવાપણાથી જેને ખરેખરૂં 'જગન્નાથપણું' ઘટે છે એવા હે જગન્નાથ! તમારા આગમ-દર્શનના પ્રભાવે હું જાણું છું કે-'જે જ્ઞાનાવરણીયાદિ ઘાતિકર્મ છે તે વાદળા જેવું છે, તે જ્યારે ધર્મસંન્યાસ યોગરૂપ પવનના સપાટાથી શીર્ણવિશીર્ણ થાય છે વિખરાઈ જાય છે ત્યારે મુખ્ય એવા પરાક્રમયોગે કરીને તે (આત્મા) શ્રીમાન્ જ્ઞાનકેવલી અર્થાત્ સર્વજ્ઞ પરમાત્મા થાય છે. વાદળાં જેમ વાયુના હીલોળાથી વિખરાઈ જાય છે, તેમ ધર્મસંન્યાસ યોગરૂપ પવનના આઘાતથી-સપાટાથી ઘાતિકર્મરૂપ મેઘપટલ વિખરાઈ જાય છે. આ **તાત્ત્વિક ધર્મસંન્યાસ** નામનો સામર્થ્યયોગ આઠમા **'અપૂર્વકરણ'** ગુણસ્થાનથી શરૂ થાય છે, કે જ્યાં ક્ષપકશ્રેણીનો પ્રારંભ થાય છે. અત્રે આ સમર્થ યોગી અપૂર્વ આત્મપરાક્રમ-અપૂર્વ આત્મવીર્યોલ્લાસ દાખવતો ક્ષપકશ્રેણી પર આરૂઢ થાય છે અને કર્મ-પ્રકૃતિઓને ક્ષય કરતો કરતો, ખપાવતો ખપાવતો આગળ વધતો તે અનુક્રમે મોહનીય આદિ ચારે ઘાતિકર્મોને ક્ષય કરે છે; અને આમ આત્મચંદ્રને આવરણ કરી રહેલ વાદળા જેવા ચાર ઘાતિકર્મ સર્વથા દૂર થાય છે, કે તત્ક્ષણ શુદ્ધ પ્રકૃતિસ્થિત જળહળ જ્યોતિસ્વરૂપ આત્મા સ્વસ્વરૂપે પ્રગટ થાય છે. જેમ વાદળાનું આવરણ દૂર થતાં ચંદ્ર સ્વયં પૂર્ણસ્વરૂપે પ્રકાશે છે, તેમ ઘાતિકર્મરૂપ મેઘપટલ ટળતાં પરંજ્યોતિસ્વરૂપ આત્મ-ચંદ્ર જિનરાજચંદ્ર સ્વયં પૂર્ણ કેવલજ્ઞાનસ્વરૂપે પ્રકાશે છે, શુદ્ધ સહજાત્મ-સ્વરૂપે ઝળહળે છે. ( ક્રમશઃ )

× સમસ્ત કર્મસિદ્ધાંતની સંક્ષેપસારરૂપ પરમ રહસ્ય-ભૂત તત્ત્વવાર્તા પ્રકાશતાં સાક્ષાત્ આત્મસિદ્ધિસંપન્ન **શ્રીમદ્ રાજચંદ્રજી 'આત્મસિદ્ધિ'**માં વદે છે કે—

"કર્મ અનંત પ્રકારના, તેમાં મુખ્યે આઠ;
તેમાં મુખ્યે મોહનીય, હણાય તે કહું પાઠ.
કર્મ મોહનીય ભેદ બે, દર્શન[1] ચારિત્ર[2] નામ.
હણે બોધ[1] વીતરાગતા[2], અચૂક ઉપાય આમ."
—**શ્રી આત્મસિદ્ધિ**

* "घातिकर्माभ्रकल्पं तदुक्त योगानिलाहतेः ।
यदापैति तदा श्रीमान् जायते ज्ञानकेवली ॥"
**પરમર્ષિ હરિભદ્રાચાર્યજીકૃત યોગદૃષ્ટિસમુચ્ચય**
શ્લોક-૧૮૪

સામાયિકમાં
વાંચવા માટે

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ
**જ્ઞાનસાર**-ગુજરાતી અનુવાદ સાથે અવશ્ય વાંચો
મૂલ્ય રૂપિયા ૨-૦-૦ લખો :—શ્રી જૈન ધ. પ્ર. સ.-ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરોપકાર

સં. ડૉ. વલ્લભદાસ નેણસીભાઇ-મોરબી

પરોપકારાય સતાં વિભૂતયઃ—સત્પુરુષોનું સર્વસ્વ પર આત્માઓના શ્રેયને માટે જ હોય છે અર્થાત્ સમસ્ત વિશ્વનું શ્રેય કરવામાં જ પોતાનું જીવન વા કર્તવ્ય સમજે છે—દુઃખને જોતાં પોતાના પ્રાણનો ભોગ આપીને પણ જો તેના દુઃખને દૂર કરવાની દાઝ ન આવી તો તે મનુષ્યનું હૃદય નહિં પણ પાષાણ વા રાક્ષસનું જ હૃદય કહી શકાય—ગમે તેવું ઉંચુ બીજ ક્ષાર ભૂમીમાં વાવવાથી નિષ્ફળ જાય છે, તેમ ગમે તેવો પવિત્ર સદ્બોધ પણ દયાશૂન્ય અને પરોપકારની લાગણી હીન મનુષ્યના હૃદયમાં પરિણામ પામતો નથી.

પરોપકાર એ પરમાર્થ માર્ગની સીડી છે સીડીના નિમિત્તથી મહેલમાં પહોંચી શકાય છે તેમ પરોપકારના નિમિત્તથી પરમાર્થપદને પામી શકાય છે. અન્ય આત્માઓના શ્રેયનો જરા પણ વિચાર કર્યા વિના માત્ર પોતાના જ સ્વાર્થમાં લીન થયેલ પરોપકારહીન મનુષ્યાત્મા કૂતરાં—બીલાડાં જેમ પોતાનું પેટ ભરવામાં જ સમજ્યા છે તેની માફક પાશવ જીવન વા તે કરતાં પણ અધમ જીવન ગાળી અમૂલ્ય માનવદેહનો ક્ષય કરે છે.

"માનવો દુર્લભો દેવો" માનવદેહ આટલો બધો પુન્યવાન અને દુર્લભ કહ્યો છે. મનુષ્ય કરતાં અનંત પુણ્ય—બળહીન એવા પાણી તથા વનસ્પતિના જીવો પણ જનસમાજ ઉપર અગાધ ઉપકાર કરી રહ્યા છે. તૃષાથી મરણ પામતા મનુષ્યને જળ મળવાથી બચે છે, જળ એ આખી સૃષ્ટીનું જીવન છે. મનુષ્ય—પશુ—પક્ષી વગેરે સ્થૂલ તથા સૂક્ષ્મ જીવોને જળ જીવન આપી આખા જગત ઉપર ઉપકાર કરે છે. તાપથી વ્યાકુળ થયેલ જીવાત્મા તરૂવરની છાયામાં બેસે તો પરિશ્રમ દૂર થઈ શીતળતા અને શાંતિ મળે છે. નિરાશ્રિત પક્ષીઓને ઘર અને કોઠાર એ વિશ્વનાં વૃક્ષો જ છે; અર્થાત્ રહેવાનું અને ખાવાનું વૃક્ષમાંથી જ મળે છે. મનુષ્યોને પણ મહેલ—મહોલાતોમાં આનંદ કરવાનું વૃક્ષોના પ્રતાપથી જ બને છે વૃક્ષોમાં અમૃતરસ સમાન મધુર ફળો થાય છે, જેના સ્વાદથી મનુષ્યો-પશુઓ અને પક્ષીઓ આનંદ મેળવે છે અને તેના ભક્ષણથી અસંખ્ય જીવો પોતાના જીવનને ટકાવી રહ્યા છે અનાજ પણ વનસ્પતિના જીવો જ છે તેમના નિમિત્તથી આખું જગત જીવે છે. જ્યારે એકેન્દ્રિય જીવો અસંખ્ય પંચેન્દ્રિય પશુ—પક્ષીઓ તથા મનુષ્યો ઉપર આટલો બધો ઉપકાર કરી રહ્યા છે. વિવેકશૂન્ય પશુઓ પણ મનુષ્યોનું હિત કરી રહ્યા છે ત્યારે એકેન્દ્રિય કરતાં કાયપણામાં પાંચ ગણી કોટિએ અધિક ચડેલા અને પુન્યરાશિમાં એકેન્દ્રિય કરતાં અનંતાનંત દરજ્જે ઉચ્ચ કોટિમાં પહોંચેલા મનુષ્યો તો એકન્દ્રિય કરતાં જનસમાજ ઉપર અનંત ગણો અધિક ઉપકાર કરે તો જ મનુષ્ય કહી શકાય. મનુષ્યદેહ પામીને બીજાને દુઃખ આપવામાં, બીજાનું હરી લેવામાં, બીજાને ત્રાસ આપવામાં જીંદગી વ્યતીત થાય તો તે મનુષ્યાત્માને ઉંચે ચડી નીચે પડવાનું થાય છે.

સામાન્ય જંતુઓ જગતવાસી જીવો ઉપર ઉપકાર કરી ઉચ્ચ પદના અભિલાષી બને છે, જ્યારે મનુષ્યાત્માઓ સામાન્ય જીવોને ત્રાસ આપી અધોગતિમાં પડે છે, એ કેટલી અફસોસની વાત છે? પશુ વગેરે યોનિમાં ઉપાર્જન કરેલાં કર્મોથી છૂટવા માટે મનુષ્યદેહ એ પરમ સાધન છે; તેવાં અમૂલ્ય દેહને પામીને પણ અનેક દુષ્કૃત્યો કરી કર્મ ઉપાર્જન કરવાનું થાય તો તો "ઘરના ઉઠ્યા વનમાં ગયા અને વનમાં લાગી આગ"ની માફક કર્મ બંધનથી મુક્ત થવાનો સમય જ ન રહ્યો. માટે સમસ્ત વિશ્વના આત્માઓ પ્રત્યે આત્મભાવ રાખીને જગતનું શ્રેય કરવામાં જ જેનું જીવન વ્યતીત થાય છે, તેનું જ જીવન સફળ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. G 50


હમણાં બહાર પડી છે

## શ્રી નવાણું પ્રકારી પૂજા (અર્થ સહિત)

પંડિત વીરવિજયજીકૃત આ પૂજા શ્રી સિદ્ધાચળના મહાત્મ્યગર્ભિત બહુ જ અસરકારક છે. તેનું રહસ્ય સમજાવવા બનતો પ્રયાસ કર્યો છે. બીજી શ્રી પદ્મવિજયજીની કરેલી બહુધા અપ્રસિદ્ધ નવાણુંપ્રકારી પૂજા પણ દાખલ કરેલ છે ને મુનિશ્રી દેવવિજયજીકૃત અષ્ટપ્રકારી પૂજા જરૂરી અર્થ સાથે દાખલ કરી છે.

**કિંમત માત્ર ૫૦ નયા પૈસા** (પોસ્ટેજ ૧૫ નયા)

લખોઃ—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર**

હમણાં બહાર પડી છે

## પં. શ્રી પદ્મવિજયજીકૃત નવપદજીની પૂજા

તથા

## પં. રૂપવિજયજીકૃત શ્રી પંચજ્ઞાનની પૂજા

આ બન્ને પૂજા અર્થ સાથે છપાવેલ છે. અર્થમાં ઘણો વધારો કર્યો છે કે જે ખાસ ઉપયોગી છે; તેની ખાત્રી વાંચવાથી થઇ શકે તેમ છે.

અમારી છપાવેલી અનેક અર્થ સહિત પૂજાઓમાં આ બુકથી વધારો થયો છે. કિંમત માત્ર ૫૦ નયા પૈસા રાખી છે. દરેક પૂજામાં રહસ્ય શું છે તે યથાશક્તિ સમજાવેલ છે.

**કિંમત ૫૦ નયા પૈસા** (પોસ્ટેજ ૧૫ નયા)

લખો : **શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર**

## બાર વ્રતની પૂજા અર્થ-સહિત

[ તેમજ સ્નાત્રપૂજા ]

જેની ઘણા વખતથી માગણી રહ્યા કરતી હતી તે શ્રી બારવ્રતની પૂજા-અર્થ તેમજ સમજણ સાથેની પ્રગટ થઇ ચૂકી છે. સાથોસાથ સ્નાત્રપૂજા અને આરતી-મંગળદીવાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અર્થ સમજીને આચરણ કરવા યોગ્ય છે.

**કિંમત ૫૦ નયા પૈસા** (પોસ્ટેજ ૧૫ નયા) લખોઃ-**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર**


પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય-ભાવનગર

For Private And Personal Use Only